# થર્ટી ફર્સ્ટને પગલે જિલ્લા પોલીસ હરકતમાં

**પોલીસ અધિક્ષક દ્વારા કોમ્બિંગ નાઈટના આદેશ : જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓને કોમ્બીંગ અસરકારક બનાવી ફરજિયાત નાઈટરાઉન્ડમાં નીકળવા સુચના : કોમ્બિંગનાઈટ પૂર્ણ થયા બાદ સવારે એસપી ક્રાઈમ કોન્ફરન્સમાં કામગીરી રિપોર્ટ માગશે**

ગાંધીનગર, તા.૩૦

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરને પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તથા જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસ હરકતમાં આવી ગઈ છે. જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા થર્ટી ફર્સ્ટ નાઈટમાં કોમ્બિંગ નાઈટના આદેશ આપી દેવામાં આવ્યા છે. આ કોમ્બિંગ નાઈટમાં જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓએ અસરકારક બનાવી ફરજિયાત નીકળવા સુચના આપવામાં આવી છે તે ઉપરાંત પૂર્ણ થયા બાદ સવારે સાત વાગ્યે જિલ્લા પોલીસ અધિક્ષક ક્રાઈમ કોન્ફરન્સ ગોઠવશે જેમાં કોમ્બિંગ નાઈટ દરમિયાન કરેલી કામગીરીના રિપોર્ટ મેળવવામાં આવશે. રાત્રી દરમિયાન યોજાનાર ડીજે પાર્ટીઓમાં પીધેલાઓને પકડવા ઝુંબેશ હાથ ધરવાની પણ કડક સૂચના આપવામાં આવી છે.

રાત્રે ૧૨ વાગ્યા થી સવારના છ વાગ્યા સુધી કોમ્બીંગ નાઈટનું આયોજન જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગર ડિવીઝન અને કલોલ ડિવિઝનના ડીવાયએસપીએ પોતાના ડીવીઝનની હદ વિસ્તારમાં ફરજિયાત નાઈટ રાઉન્ડમાં નીકળવાની અને નાઈટરાઉન્ડમાં નીકળેલા પોતાના ડિવિઝનના અધિકારી-કર્મચારીઓને ચેક કરી જરૂરી સુપરવિઝન રાખવાની કડક સૂચના આપવામાં આવી છે. સિક્યુરિટી આર્મ્સ ડીવાયએસપીએ મંત્રી વિસ્તારમાં તથા સચિવાલય સંકુલના ડીવાયએસપીએ સચિવાલય સંકુલમાં કોમ્બિંગ કરવાના આદેશ અપાયા છે. તે ઉપરાંત એસસીએસટી સેલના ડીવાયએસપી તથા ગાંધીનગર એસઓજી અને એલસીબીના અધિકારીઓએ પોતાના સ્ટાફ સાથે જિલ્લાભરમાં કોમ્બીંગમાં ફરવાના આદેશ કરવામાં આવ્યા છે. ટ્રાફિક પીઆઈ એ રાત્રી દરમિયાન ટ્રાફીકને લગતી મહત્તમ કામગીરી કરી જિલ્લાના મહત્વના એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ પર વાહન ચેકિંગ તથા પેટ્રોલિંગ કરવા સૂચના આપવામાં આવી છે. સર્કલ પી.આઈ.એ પોતાના સર્કલ વિસ્તારમાં કોમ્બિંગમાં ફરવાનું જ્યારે મહિલા પીઆઈએ ગાંધીનગર શહેર વિસ્તારમાં કોમ્બિંગમાં ફરવાના આદેશ જારી કરવામાં આવ્યા છે. તમામ થાણા ઈન્ચાર્જને સૂચના આપવામાં આવી છે કે પોતાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં મુખ્ય માર્ગો ઉપર તથા એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ ઉપર મેટલ ડિટેક્ટર તેમજ બ્રેથ એનાલાઈઝર સાથે રાખી નાકાબંધી કરી તમામ વાહન ચાલકોનું ચેકિંગ કરવાનું રહેશે. એટલું જ નહીં કન્ટ્રોલ પીઆઈ એ કન્ટ્રોલ રૂમમાં હાજર રહીને દર કલાકે કોમ્બિંગ નાઈટમાં નીકળેલા તમામ અધિકારી-કર્મચારીઓના લોકેશન મેળવવા સૂચના આપવામાં આવે છે. કોમ્બિંગ નાઈટ દરમિયાન ખાણીપીણીના સ્થળો, હોટલો, બાગ-બગીચા, ફાર્મ હાઉસ, ઢાબા, રેલવે તથા બસ સ્ટેશનો અને મોટી હોસ્પિટલ ચેક કરવાની રહેશે. તે ઉપરાંત નાસતા ફરતા આરોપીઓને શોધવા ઉપરાંત છેવાડાની સોસાયટીઓ અને એકાંત વિસ્તાર સહિત ઝુપડપટ્ટી વિસ્તારમાં પણ ચેકિંગ કરી શકમંદોને પકડી તેમની પૂછપરછ કરવાની રહેશે. નાઈટમાં પીધેલા પકડાયા તે લોકોની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે. રાત્રી દરમિયાન કરેલી કામગીરીને સવારે સાત વાગ્યે જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા ક્રાઈમ કોન્ફરન્સ યોજીને રિપોર્ટ મેળવશે.



## રાજપૂત સમાજનું ગૌરવ

અમદાવાદ ખાતે છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતા પ્રાન્સીબા ઈન્દ્રજીતસિંહ ઝાલા( મુળ વતન, કટોસણ દરબાર ગઢ, હાલ રહે. અમદાવાદ)એ ગત્ તા. ૨૭-૧૨-૧૮ ના રોજ લખનૌમાં યોજાયેલી ૯મી ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપ ૨૦૧૮ માં ભાગ લીધો હતો. તેમને કુમિતીમાં ગોલ્ડ મેડલ અને કાતામાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. નાની ઉંમરમાં મોટી સિધ્ધી હાંસલ કરનાર પ્રાન્સિબાને સમાજના સૌ આગેવાનોએ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

# લકઝરીમાં મુસાફરના થેલામાંથી દારૂની બોટલો મળી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સઘન પ્રોહીબીશન ડ્રાઈવ ચાલી રહી છે ત્યારે જિલ્લામાં અલગ અલગ પોલીસ દ્વારા અલગ અલગ સ્થળેથી દારૂ પકડવામાં આવી રહ્યો છે. ગઈ કાલે ચિલોડા પોલીસે વાહનચેકીંગ દરમિયાન લકઝરીમાંથી એક મુસાફરને દારૂની બોટલો સાથે પકડયો હતો તો બીજી તરફ ઈન્ફોસીટી પોલીસે રાયસણ પાસેથી દારૂની બે બોટલ સાથે એક યુવાનને પકડી પાડયો હતો તે ઉપરાંત એલસીબીની ટીમે રણાસણ ગામમાંથી દેશી દારૂ બનાવવા વપરાતો ૧૬૦૦ લીટર વૉશનો જથ્થો પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા પોલિસ ચંદ્રાલા પાસે વાહનચેકીંગ કરી રહી તે દરમિયાન મહાવિર-પુજા ટ્રાવેલ્સની લકઝરીમાંથી એક મુસાફરને દારૂની બોટલો સાથે પકડી પાડયો હતો. ડ્રાઈવર સાઈડની પાછળની સીટમાં બેઠેલા રાજસ્થાની યુવાન સુનીલ વકશીરામ મીણાના થેલામાંથી ૮ બોટલ દારૂ મળી આવતા બોટલો જપ્ત કરી રાજસ્થાની શખ્સની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉપરાંત ઈન્ફોસીટી પોલીસે ગઈ રાત્રે રાયસણ પાસેથી ગુડાના મકાનમાં એફ ૨૦૬માં રહેતા જીગર રમેશ પરમારને દારૂની બે બોટલ સાથે પકડી પાડયો હતો. તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પુછપરછ શરુ કરવામાં આવી છે. તો બીજી તરફ એલસીબીની ટીમે બાતમીને આધારે રણાસણ ગામમાં આંગણવાડી પાસે તળાવ કિનારે દેશી દારૂની ભઠ્ઠી ઉપર દરોડો પાડયો હતો. દશરથ ઉર્ફે ભોપો ગુલાબ ગોહીલની ભઠ્ઠી ઉપર દરોડો પાડીને એલસીબીની ટીમે ૧૬૦૦ લીટર દેશી દારૂ ગાળવા વપરાતો વૉશ પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બુટલેગર ફરાર થઈ જતા તેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**તમારી સાથે પીવા નહી આવું... તમે બહુ પેગ ઢોળી નાખો છો,... તમે વાંચ્યુ નથી...? સરકાર કહે છે દારૉની રેલમછેલ નહીં સાંખી લઈએ...**

# જાન્યુઆરીમાં ધો-૨ના બાળકોની વાંચન લેખન-ગણનની ક્ષમતાનું મૂલ્યાંકન થશે

ગાંધીનગર, તા.૩૦

આગામી જાન્યુઆરીના અંતિમ સપ્તાહમાં ધો-૨ના વિદ્યાર્થીઓની વાચન લેખન અને ગણન ક્ષમતા અંગે એક વિશેષ મૂલ્યાંકન અભિયાન હાથ ધરવામાં આવશે.

રાજયના પ્રાથમિક શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી વિનોદ રાવે આવો સંકેત કચ્છના તેમના પ્રવાસ દરમ્યાન આપ્યો હતો.

ગુણોત્સવનું નવું સ્વરૂપ આ અભિયાન હશે એટલું જ નહિ મિશન વિદ્યાનો નવતર અભિગમ પણ આમાં સંમ્મિલિત કરવામાં આવશે. શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ધો-૨માં આ મૂલ્યાંકનમાં જે બાળકો નબળા જણાશે તેમનો પાયો મજબુત કરવા માટે આ પછીના દિવસો અર્થાત ફેબ્રુઆરી અને માર્ચમાં મિશન વિદ્યા જેવું વિશેષ અભિયાન યોજવામાં આવશે.

બાળકોને આરંભથી જ સારું શિક્ષણ આપવાનો અભિગમ આ હેતુ ઉજાગર નિવડશે એટલું જ નહિ ગુણવત્તાસભર શિક્ષણ પણ બાળકને આપવામાં તે ઘણુ મદદરૂપ થશે.

રાજયના પ્રાથમિક શિક્ષણમાં આગામી દિવસોમાં મહત્વના અને કેટલાક મૂળભૂત ફેરફારો કરવામાં આવનાર હોવાનો ઉલ્લેખ કરતાં શિક્ષણ વિભાગના આ સૂત્રોએ જણાવ્યું છે કે તાજેતરમાં મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના આગલોડ ગામે પ્રાથમિક શિક્ષણાધિકારીઓની દ્વિદિવસીય ચિંતન શિબિર પણ યોજાઈ હતી.

આ ચિંતન શિબિરમાં પ્રજ્ઞાવર્ગના આધુનિકરણની સાથે સાથે બદલાવને લઈ કેટલીક મહત્વની ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

સરકાર દ્વારા ગુણોત્સવના નબળા પરીણામો પછી હવે ધો-૨માં જ વાચન-ગણન અને લેખનને લઈ એક વિશેષ મૂલ્યાંકન યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજય સરકાર દ્વારા આ અભિયાન અંગે લીલીઝંડી આપી દેવામાં આવી છે. અને હાલ આના આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યું છે.



શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન. એસ. એસ. યુનિટ દ્વારા સેવા વિસ્તારમાં કપડાં વિતરણનો કાર્યક્રમ યોજાયો. જ્યારે યુવાધન ૩૧જં ની પાર્ટીની તૈયારી કારીરહ્યા છે ત્યારે યુવાનોનો એક એવો પણ વર્ગ છે જે સેવા કાર્યોમાં લાગેલો છે. જયારે ગાંધીનગરમાં ઠંડી રેકોર્ડ તોડી રહી છે ત્યારે ખુલ્લામાં વસવાટ કરતા જરૂરિયાતમંદ ભાઈ બહેનોને કપડાં વિતરણ કરીને યુવાનો પોતાની ફરજ અદા કરી રહ્યા છે. આ કાર્યક્રમ હજુ આવનારા બે અઠવાડિયા સુધી ચાલનાર છે. કાર્યક્રમનું આયોજન એન. એસ. એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડો. નરેન્દ્ર કે. પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. કોલેજના આચાર્ય ડો. ઊર્મિલાબેન ચૌધરીએ કોલેજની તમામ વિદ્યાર્થીનીઓને આ કાર્યમાં પોતાનો ફળો આપવા માટે અપીલ કરી હતી.

# 'એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર' અને લોકસભા : ભાજપ હરખાય નહીં અને કોંગ્રેસને ડરવું નહી

**૬ થી ૧૩ જાન્યુઆરીએ આંતરરાષ્ટ્રીય પગંત મહોત્સવ યોજાશે પરંતુ વાયબ્રન્ટ વિનાનો છે...**

**ગુજરાત કેડરના સિનિયર આઇએએસને કેન્દ્રમાં થનારા રિસફલમાં મહત્વનું પોસ્ટીંગ મળશે**

**ગુજરાતના ચીફ મિનિસ્ટર રૂપાણી જો નવા વર્ષે ૧૯ કામો કરે તો કોંગ્રેસનો ગજ વાગશે નહીં**

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

લવ સ્ટોરી આધારિત અને કોમેડી ફિલ્મો મલ્ટીપ્લેક્સમાં ધૂમ મચાવે છે પરંતુ રાજનિતી પર બનેલી ફિલ્મો એક કે બે સપ્તાહમાં ઉતરી જાય છે, એ હકીકત છે. જવાહરલાલ નહેરૂ, ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી. નરેન્દ્ર મોદી અને બીજા રાજકીય નેતાઓના જીવન આધારિત ફિલ્મો આવી છે પણ તેણે ધૂમ મચાવી નથી. ઈન્દિરા ગાંધીના જીવન આધારિત સંજીવકુમારની આંધી ફિલ્મ સૌથી વધુ પિટાઇ ગઈ હતી. છેલ્લે રાજનીતિ ફિલ્મ પણ ખાસ સફળ થઈ નથી. હવે ધ એક્સિડેન્ટલ પ્રાઈમ મિન્સ્ટર ફિલ્મ આવી છે. ચરિત્ર્ય અભિનેતા અનુપમ ખેર કોંગ્રેસના ડો. મનમોહનસિંઘના રોલમાં છે. આ ફિલ્મમાં તેમણે જાનદાર અભિનય કર્યો છે. સોનિયા ગાંધીનું પાત્ર પણ અદ્દભૂત છે. લોકસભાની ચૂંટણીના કારણે તેનો સીધો ફાયદો ભાજપને થવાની આશાએ આ ફિલ્મનું પ્રમોશન ખુદ ભાજપના રાષ્ટ્રીય અને પ્રદેશ નેતાઓ કરી રહ્યાં છે. આ ફિલ્મની રજૂઆત ૧૧ જાન્યુઆરીએ થવાની છે પરંતુ ફિલ્મની ચર્ચા અત્યારથી જ શરૂ થઈ ગઈ છે. ગુજરાત સહિતના ભાજપ શાસિત રાજયોમાં ઉત્સુકતા વધારે છે, જ્યારે કોંગ્રેસ શાસિત રાજયો ફિલ્મનો વિરોધ કરી રહ્યાં છે. કોંગ્રેસે ડરવાની જરૂર એટલા માટે નથી કે આ ફિલ્મ મલ્ટીપ્લેક્સમાં એપ્રિલ-મે સુધી ટકવાની નથી. કેમ કે એટલા લાંબા સમય સુધી તો એકપણ હિન્દી ફિલ્મ ચાલતી નથી. ભાજપે પણ હરખાવાની જરૂર નથી.

**૨૦૧૯માં રૂપાણી સરકારે કરવા જેવા ૧૯ કામ...**

નવા વર્ષ ૨૦૧૯માં ગુજરાતના મુખ્યમંત્રીએ કરવા જેવા કામ- - ૧. શહેરોની ટ્રાફિક અને પાર્કિંગ વ્યવસ્થાને કન્ટ્રોલ કરવી ૨. પબ્લિક ટ્રાન્સપોર્ટેશન વધારીને માર્ગો પરનો ટ્રાફિક હળવો કરવો ૩. માર્ગો પર મુંબઇ જેવી લેન સિસ્ટમનો ફરજીયાત અમલ ૪. કલ્પસર, ગિફ્ટ અને ધોલેરા ઉપર ધ્યાન કેન્દ્રીત ૫. શિક્ષણમાંથી ટ્યુશન પ્રથા નાબૂદ કરી શિક્ષણનું સ્તર સુધારવું જોઈએ ૬. સરકારમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવા આકસ્મિક ચેકિંગ કરવું અનિવાર્ય છે ૭. ખોરાકમાં થતી ભેળસેળ રોકવા કડક સજાનો કાયદો બનાવવો જોઈએ ૮. સચિવાલયમાં રાજનેતાઓની બદલીની ભલામણો સદંતર બંધ કરવી ૯. એજન્ટપ્રથાને દૂર કરી લાભાર્થી કે અરજદારને કામની સીધી જાણ કરવી ૧૦. વિભાગો, જાહેર સાહસોમાં ફરિયાદ માટે મોબાઈલ એપ્લિકેશન બનાવવી ૧૧. ગુજરાત ૧૨. સરકારની તમામ વેબસાઈટ સતત અપડેટ્સ હોવી જરૂરી છે ૧૩. ખેડૂતોના પ્રશ્નો મોબાઈલ એપથી ઉકલે તેવી કાયમી વ્યવસ્થા ૧૪. યુવાનોને સરકારી સાથે પ્રાઈવેટ નોકરીમાં મદદ કરવી જોઈએ ૧૫. ગુના બનતા અટકાવવા ત્વરીત પોલીસ મોબાઈલ સિસ્ટમ ૧૬. આખા વર્ષમાં ૩૬૫ દિવસ વૃક્ષારોપણ ૧૭. પ્રદૂષણ ઘટાડવા ઈકો ફ્રેન્ડલી વાહનોમાં ઈન્સેન્ટીવ ૧૮. ઉદ્યોગો માટે સિંગલ વિન્ડો સિસ્ટમ ૧૯. કરપ્શન કરતાં કર્મચારી કે ઓફિસરોને ફરજીયાત ઘેર બેસાડી પગાર-ભથ્થાં સહિતના સરકારી તમામ લાભ બંધ થાય તેવો કાયદો. રૂપાણી સરકાર જો આવનારા એક વર્ષમાં આટલા કામો કરે તો કોંગ્રેસની તાકાત નથી કે રૂપાણીને કોઈ હરાવી શકે. ૨૦૨૨માં કોંગ્રેસને ચૂંટણી જીતવી ભારે પડી શકે છે.

**વસુંધરાને દિલ્હીમાં મોટી જવાબદારી મળશે...**

રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે સિંધિયા નવા ફોરેન મિનિસ્ટર બની શકે છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપ તેમને રાજસ્થાનથી ટીકીટ આપી શકે છે. કેન્દ્રમાં જો એનડીએનું શાસન ફરી આવશે તો વસુંધરાને મહત્વનું પદ મળી શકે છે. પાર્ટીના સૂત્રો કહે છે કે વસુંધરા રાજે એ રાજસ્થાન વિધાનસભામાં ભાજપને હરાવ્યા પછી તેમને કેન્દ્રમાં લઈ જવામાં આવશે. આ અગાઉ પણ જ્યારે રાજસ્થાન ભાજપમાં મુખ્યમંત્રી પદને કારણે વિવાદ થયો હતો ત્યારે તેમને કેન્દ્રમાં લઈ જવાની અટકળો થઈ હતી કેમ કે ભાજપના રાષ્ટ્રીય નેતાઓ જાણતા હતા કે રાજસ્થાનમાં તેમના નેતૃત્વમાં જો ચૂંટણી લડાશે તો ભાજપ ફરીથી સત્તા પર આવી શકશે નહીં. જો તે વખતે તેમને કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હોત તો આજે રાજસ્થાનમાં ભાજપની સરકાર શાસન કરતી હોત. હવે તેમને ફરી એકવાર દિલ્હી લઈ જવાની અટકળો તેજ બની છે. જો એનડીએ એટલે કે મોદી સરકાર ફરીથી સેન્ટ્રલમાં આવશે તો તેમને ફોરેન મિનિસ્ટરનું પદ મળશે જે હાલ સુષ્મા સ્વરાજ પાસે છે. તેમણે થોડાં દિવસો પહેલાં જ લોકસભાની ચૂંટણી લડવાની અનિચ્છા વ્યક્ત કરી હતી કેમ કે તેમની તબિયતના કારણે તેઓ ચૂંટણી લડવા માગતા નથી.

**મોદી માટે વારાણસીમાં હાલ ધમાધમ ચાલે છે...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારાણસીથી લોકસભાની ચૂંટણી લડવાના હોવાથી ભાજપની પૂરજોશમાં તૈયારી ચાલી રહી છે. ૨૦૧૪માં નરેન્દ્ર મોદીની લીડ ૩.૭૧ લાખની હતી જે કોઇ નેતા તોડી શકે તેમ નથી પરંતુ એસપી અને બીએસપીનું ગઠબંધન થશે તો મોદીની લીડ ઘટી શકે છે. ગઈ ચૂંટણીમાં મોદીના પ્રતિસ્પર્ધી આમ આદમી પાર્ટીના સુપ્રિમો અરવિંદ કેજરીવાલ હતા. વારાણસીનો ઈતિહાસ જોઈએ તો ૧૯૫૨માં કોંગ્રેસના ઉમેદવાર રઘુનાથસિંહ વિજેતા થયા હતા. તેઓ ૧૯૫૭ અને ૧૯૬૨માં પણ વિજયી થયા હતા. વિજયની તેમની હેટ્રીક હતી. ૧૯૬૭માં કોમ્યુનિસ્ટ પાર્ટીના સત્યનારાયણસિંહ અને ૧૯૭૧માં રાજારામ શાસ્ત્રી વિજયી બન્યા છે. ૧૯૯૧ પછી ચિત્ર ફરી ગયું હતું અને તે વર્ષમાં ભાજપના શાસ્ત્રી ચંન્દ્ર દિક્ષિત ચૂંટણી જીત્યા હતા. ૧૯૯૬, ૧૯૯૮ અને ૧૯૯૯માં ભાજપના શંકર પ્રસાદ જયસ્વાલ સતત ત્રણ ટર્મ સુધી વિજેતા રહ્યાં હતા. ૨૦૦૪માં ફરી કોંગ્રેસના ઉમેદવાર રાજેશ કુમાર મિશ્રા વારાણસીમાં વિજેતા થયા હતા. ૨૦૦૯માં આ બેઠક પરથી ભાજપના મુરલી મનોહર જોષી વિજેતા થયા હતા અને ૨૦૧૪માં નરેન્દ્ર મોદી વિજયી બન્યા હતા. ૨૦૧૪માં નરેન્દ્ર મોદીને ૫૮૧૦૨૨ મતો મળ્યા હતા જ્યારે તેમના નજીકના પ્રતિસ્પર્ધી અરવિંદ કેજરીવાલને ૨૦૯૨૩૮ મતો મળ્યા હતા. મોદી આ બેઠક પર ૩૭૧૭૮૪ મતોની સરસાઈથી વિજેતા થયા હતા.એક તરફ ગુજરાતના નવસારીના સંસદસભ્ય સી આર પાટિલ વારાણસીમાં ચાલી રહેલા પ્રોજેક્ટ્સની દેખરેખ રાખી રહ્યાં છે. આ ઉપરાંત ગાઝીપુરના સંસદસભ્ય અને કેન્દ્રીય મંત્રી મનોજ સિન્હા, ઉત્તર પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને ચાંદોલીના સંસદસભ્ય મહેન્દ્ર નાથ પાંડેય પણ વારાસણીમાં સક્રીય છે. ઉત્તર પ્રદેશ માટે નવા ચૂંટણી સહ પ્રભારી દુષ્યંત ગૌતમ અને નરોત્તમ મિત્રા પણ પોત પોતાની યોજનાઓ સાથે અહીં સક્રિય છે. કહેવાય છે કે ઉત્તરપ્રદેશની જવાબદારી જેમને સોંપવામાં આવી છે તે ગોરધન ઝડફિયાનું કુર્મી જાતિ પર મોટું પ્રભુત્વ છે.



**ગુજરાત કેડરના અધિકારીને નવું પોસ્ટીંગ મળશે...**

ગુજરાત કેડરના ૧૯૮૬ બેચના આઈએએસ અધિકારી ડો. ગુરૂપ્રસાદ મોહપાત્ર ભારતના સિવિલ એવિયેશનના સેક્રેટરી બની શકે છે. દિલ્હીમાં ચાલતી અટકળો પ્રમાણે મોહપાત્રને આ મહત્વની જવાબદારી સોંપવામાં આવી શકે છે. હાલ તેઓ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન છે. તેમના સમયમાં દેશમાં ઘણાં એરપોર્ટ બન્યા છે અને ઘણી ફ્લાઈટ્સ શરૂ થઈ છે. સિવિલ એવિયેશનના હાલના સેક્રેટરી આર.એન. ચોધરી ૧લી ફેબ્રુઆરીના રોજ વયનિવૃત્ત થાય છે ત્યારે કેન્દ્રમાં થનારા રિસફલમાં ગુરુપ્રસાદને નવો હોદ્દો મળી શકે છે. બીજી તરફ જેમનું ડેપ્યુટેશન થયું છે તેવા ગુજરાત કેડરના બીજા ઓફિસર અને હાલ ગુજરાતના વેટ (જીએસટી) કમિશનર પી.ડી. વાઘેલાને સેન્ટ્રલમાં નિયુક્ત કરવામાં આવી શકે

આભાર - નિહારીકા રવિયા છે. કહેવાય છે કે ગ્લોબલ એવિયેશન સમિટનું આયોજન કરવામાં ગુરૂપ્રસાદનો મોટો ફાળો છે. આ સમિટ ૧૫-૧૬ જાન્યુઆરીએ મુંબઈમાં થવાની છે. ભારત સરકારે તેની મોબાઈલ એપ ૫છજી ૨૦૧૯ પણ બનાવી છે. ગુરુપ્રસાદે પોલિટીકલ સાયન્સમાં ગ્રેજ્યુએશન એમએસ યુનિવર્સિટીમાંથી કર્યુ છે ત્યારબાદ તેમણે ઈન્ટરનેશનલ રિલેશનશીપમાં એમફીલ કર્યું છે. એમએસ યુનિવર્સિટીમાંથી જ તેઓએ પીએચડી કર્યુ છે. ગુજરાત સરકારમાં ૩૦ વર્ષનો અનુભવ છે એ દરમ્યાન તેમણે રાજ્યના ઘણાં બોર્ડ-કોર્પોરેશનમાં ફરજ બજાવી છે. દિલ્હી જતાં પહેલાં તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ત્રણ વર્ષ સુધી કમિશનર રહ્યાં છે.

**પહેલીવાર વાયબ્રન્ટ વિનાનો પતંગ મહોત્સવ...**

ગુજરાતમાં પહેલીવાર વાયબ્રન્ટ વિનાનો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાઈ રહ્યો છે. આ વખતનું આકર્ષણ એ છે કે આ પતંગ મહોત્સવ કચ્છના ધોરડોના રણ ઉપરાંત નવનિયુક્ત સ્ટેચ્યુ ઓફ યુનિટી અને ધોલેરા ખાતે પણ યોજાશે. મુખ્ય મહોત્સવ અમદાવાદમાં રાખવામાં આવ્યો છે. રાજ્યમાં આ વખતે ૬ થી ૧૩ જાન્યુઆરીએ પતંગ મહોત્સવ થવાનો છે. આ વખતે પતંગ મહોત્સવની સાથે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ થવાની નથી. પ્રવાસન વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે કેવડિયા ખાતે ૮મી જાન્યુઆરીએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે જેમાં દેશ-વિદેશના પતંગબાજો આ મહોત્સવમાં ભાગ લેશે. આ મહોત્સવ રાજ્યના શહેરો જેવા કે, રાજકોટ, વડોદરા, સુરત, સોમનાથ, ભાવનગર, દ્વારકા, જેતપુર, સોનગઢ, સાપુતારા અને ધોરડો પણ યોજાશે. આ આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવમાં ભાગ લેનાર દેશોમાં જર્મની, ઓસ્ટ્રેલિયા, મલેશિયા, ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, કેનેડા, થાઈલેન્ડ, ઈટાલી, એસ્ટોનિયા, કમ્બોડિયા, નેધરલેન્ડ, રશિયા, સ્વિત્ઝરલેન્ડ, યુક્રેન, ફિલિપાઈન્સ, વિયેતનામ, આર્જેન્ટિના, ચીન, તૂર્કી, બ્રાઝિલ, બેલ્જિયમ, ઈઝરાયલ, ફ્રાન્સ, નાઈઝિરિયા, પોલેન્ડ અને દક્ષિણ કોરિયાના પતંગબાજોનો સમાવેશ થાય છે.

**ફરી એકવાર બદલીઓની મોસમ આવે છે...**

ગુજરાતના પોલીસ તંત્ર અને વહીવટી તંત્રમાં ફરી એકવાર બદલીઓની મોસમ આવી રહી છે. લોકસભાની ચૂંટણી દરમ્યાન ભારતનું ચૂંટણી પંચ ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા ઓફિસર કે કર્મચારીની બદલી કરાવે છે ત્યારે રૂપાણીએ અગાઉથી જ એવા કર્મચારી અને અધિકારીઓની બદલી કરવાનો આદેશ આપ્યો છે કે જેમને નોકરીમાં એક સ્થળે ત્રણ કે તેથી વધુ વર્ષ થયાં હોય તેમને બદલી નાંખવા. મુખ્યમંત્રી રૂપાણી આ કામગીરી પોલીસ તંત્રથી શરૂ કરી રહ્યાં છે. . રૂપાણીએ તાજેતરમાં કહ્યું હતું કે ગુજરાત સરકારમાં મહેસૂલ અને પોલીસ વિભાગ સૌથી વધુ ભ્રષ્ટ છે, તેની સચિવાલયમાં અસર થઈ છે. રૂપાણીએ તો આવું બયાન પછી આપ્યું પરંતુ તે પહેલાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ કુમારે તેમના વિભાગમાં ત્રણ વર્ષ થયાં હોય તેવા તમામ કર્મચારીઓના ટેબલ બદલી નાંખ્યા છે. કાશ, બીજા વિભાગો પણ આવા ત્વરિત પગલાં ભરે તો વહીવટી તંત્રમાંથી કરપ્શનનો સડો દૂર થઈ શકે છે.